# કાન્તના'પૂર્વાલાપ'માં વેદનાનો કરુણાંત

ડૉ.શિવરામ શ્રીમાળી
મહિલા કોલેજ ઊંઝા

ગુજરાતી સાહિત્યની વિરલ ઘટના એ બને છે. કે જે દિવસે 'કાન્ત'નો ક્ષરદેહ વિલીન થાય છે. એજ દિવસે એમના એકમા કાવ્ય સંગ્રહ 'પૂર્વાલાપ' નું પ્રાગટય જાણે કે મત્યુદિને જ પુનર્જન્મ? અંગ્રેજી સાહિત્યમાં એલિઝાબેથનયુગને સુર્વણયુગ તરીકે ઓળખતા હતા એવી જ રીતે ગુજરાતી સાહિત્યમાં પંડિતયુગની સુર્વણયુગ તરીકે ઓળખ પ્રાપ્ત થઈ છે.એવા પંડિતયુગના શ્રેષ્ઠ કવિઓમાંના એક મણિશંકર રત્નજી ભટ્ટ છે. એક બાજુ એ યુગના ગાર્વધનરામ ત્રિપાઠી જેવા શ્રેષ્ઠ ગધકારે સમાજ અને સાહિત્ય ઉપર 'સરસ્વતીચંદ્ર' જેવી નવલકથારૂપે ઊંડી છાપ છોડી હોય અને એણે જ માનીતા વાચકવર્ગનું હૃદય વસીભત કરી લીધું હોય ત્યારે કવિતાક્ષેત્ર એટલી જ લોકપ્રિયતા સાથે પર્દાપણ કરવું એ કોઈ પણ કવિ માટે પડકારરૂપ તો હાય છતાં ગુજરાતને એજ અરસામાં નરસિંહરાવદિવેટીયા,રમણભાઈ નિલકંઠ ન્હાનાલાલ,કલાપી,બ.ક.ઠાકોર અને કાન્ત જેવા શ્રેષ્ઠ કવિઓ સાંપડયા એ આપણું ઓછું સદભાગ્ય નથી ?કવિતા એ હૃદયની ભાષા તો ખરી પરંતુ એજ કવિતા કવિના આખા જીવનનું રસાયણ બનીને આવતી હોય ત્યારે તો કવિનું જીવન જાણવું જ પડે કારણકે કવિઓની કવિતાને એના જીવનથી અલગ પાડીને કદાપિ ન સમજી શકાય એવા આ યુગના બે કવિઓ છે. એક કલાપી અને બીજા કવિ તે કાન્ત.

કવિ 'કાન્ત' મણિશંકર રત્નજી ભટ્ટ ૨૦ મી નવેમ્બર ૧૮૭૭ બુધવારના રોજ પ્રાતઃકાળે હિન્દુ તિથિ પ્રમાણે કારતક વદ આઠમ સંવત ૧૯૨૩ ના રોજ જ્ઞાતિએ પ્રશ્નોરા નાગર બ્રાહ્મણ કુટુંબમાં અમરેલી જિલ્લાના ચાવંડ ગામમાં જનમ્યા હતા. કાન્તના પિતાનું નામ રત્નજી અને માતાનું નામ મોતીબાઈ હતું. કાન્ત રત્નજીના સૌથી નાના ચોથા પુત્ર હતા.

કવિના લગ્ન નાનપણમાં જ ૧૮૮૩ માં નર્મદા ગૌરી સાથે થયા હતા. તેમનું દામ્પત્યજીવન ખૂબ જ રસાલું હતું પરંતુ ૧૮૯૧ માં કવિની ૨૩ વર્ષની ઉંમરે પત્ની નર્મદા ગૌરીનું અવસાન થયું એ નર્મદાથી પ્રાણલાલ નામે પત્ર પ્રાપ્ત થયેલો.૧૮૯૨ માં બીજા લગ્ન કરે છે.તેનું નામ પણ નર્મદા જ હોય છે. ૧૮૯૯ માં પ્રાણલાલનું અવસાન થાય છે.સ્વીડનબોર્ગના 'સ્વર્ગ અને નરક' 'વિશ્વક્રમમાં લગ્નસ્નેહનો હેતું' વગેરે ગ્રંથોની અસરને કારણે ૧૯૦૦ માં જાહેરમાં ખ્રિસ્તી ધર્મ સ્વીકારે છે. ત્યાર પછી ૧૯૦૨ માં બ્રાહ્મણના ઉપનયન સંસ્કાર આપી હિન્દું ધર્મમાં દાખલ થાય છે.૧૯૧૮ માં કવિની પચાસની ઉંમરે બીજા પત્નીનું દુઃખદ અવસાન થાય છે.૧૯૨૩ માં ભાવનગરની નોકરીમાંથી નિવૃત થયા અને કાશમીરની યાત્રાએ નીકળ્યા પરંતુ ત્યાંથી પાછા વળતાં રાવલપિંડીથી લાહોર આવતી ટ્રેનમાં સોળમી જુન ના ૧૯૨૩ રોજ અચાનક હૃદય બંધ પડવાથી ૫૬ વર્ષની વયે અક્ષરદેહ પડે છે. અને તેજ દિવસે અમદાવાદમાં અક્ષરદેહે 'પૂર્વાલાપ' કાવ્યગ્રંથ સ્વરૂપે પ્રગટે છે.

'પૂર્વાલાપ'એટલે જ્ઞાનપ્રાપ્તિ પહેલાંનો આલાપ જ્ઞાનપ્રાપ્તિ પછીનો અને એ જ્ઞાનના ફલ જેવો તે ઉત્તરાલાપ એવા 'પૂર્વાલાપ'ની ૧૯૨૩ માં પ્રથમ આવૃતિ પ્રગટ થયા બાદ ૧૯૨૬ માં તેની સંર્વધિત આવૃતિ પ્રગટ થઇ આ આવૃતિમાં કુલ ૧૦૬ કૃતિઓ છે.આ સંગ્રહમાં ખંડકાવ્યો, ઊર્મિકાવ્યો, ઊમિગીતો, મળે છે.ઊર્મિકાવ્યોમાં સ્તવનો-સ્તા કાવ્યો, પ્રાર્થનાકાવ્યો, મૈત્રાકાવ્યો, પ્રણયકાવ્યો, પ્રકૃતિકાવ્યો,ભકિતઅને રાષ્ટ્રભાવનાના કાવ્યોનો સ્વતં ગીતો તેમજ નાટયાદિનાં ગીતોનો ગઝલ ક્વ્વાલીનો અંજલીગીતોનો રાસ-પદ આદિ ગેય કાવ્યપ્રકારોનો અનૂદિત તેમજ રૂપાંતરિત રચનાઓનો સમાવેશ થાય છે. 'પૂર્વાલાપ'માં મૈત્રા વિષયક ચૌદ કાવ્યો છે. એમાંથી સાત તો ઠાકોરને ઉદશીને લખાયા છે. બે કાવ્યો કલાપી ને ઉદશીને લખાયા છે એક કાવ્ય નાનાલાલને ઉદશીને લખાયું છે.બીજા કોને ઉદશીને લખાયા છે તેની ખબરપડતી નથી. અગતિગમન,ઉપાલંભ, રતિને પ્રાર્થના અને ઉપહાર-બ.ક. ઠાકોરને ઉદશીને લખાયા છે.

ભકિતના કાવ્યો –'ઇશ્વરસ્તુતિ,' 'ગુરુ ગોવિંદ સિંહ', 'પ્રાર્થના અને પ્રતિધ્વનિ' 'નયનપ્રાર્થના' 'મારી કિસ્તી''અંતિમ પ્રાર્થના', 'શાંતિ પ્રાર્થના', 'પ્રભુની પાઠશાળા' 'અપાવરણ પ્રાર્થના' દેશભકિતના કાવ્યો'હિંદમાતાને સંબોધન', 'હિંદ પર આર્શીવાદ', 'હિંદ વીરોને સંબોધન', ઉત્તમ ઊર્મિકાવ્યો પ્રણયના મસ્ત કાવ્યો 'મનોહર મૂર્તિ', અને 'આપણી રાત','સ્મિતપ્રભાને', 'અશ્રૂને આહ્વાન', 'મત્ત મયુર' 'સાગર અને શશી' ઉત્તમ પ્રકૃતિ કાવ્ય- 'સાગર અને શશી' આ સાથે ખંડકાવ્ય ઉપર જેમનો કીર્તિધ્વજ લહેરાય છે.એવા 'ચક્રવાકમિથુન', 'વસંતવિજય', 'મૃગતૃષ્ણા', 'રમા', 'અતિજ્ઞાન', 'દેવયાની', 'કસ્તુરીમૃગ' શોભી રહયા છે.

**વિષયવૈવિધ્યઃ-**

કાન્ત મૂખ્યત્વે ઊર્મિકવિ છે.તેમનાકાવ્યોમાં મૂખ્ય ત્રણ વિષય રહ્યા છે. પ્રેમ, પ્રકૃતિ, પ્રભુ આ ત્રણેય વિષયાને કાન્ત પોતાની નિજી રીત કાવ્યમાં વણી લે છે.કાન્તના અંગત જીવનમાંથી કેટલાક કાવ્યો સીધાજ આવ્યા છે.'પૂર્વાલાપ' વિષયવૈવિધ્ય અને અભિવ્યકિત વૈવિધ્યમાં સમૃદ્ધ કૃતિ છે. જીવનના કારુણ્યને વ્યકત કરતાં ખંડકાવ્યો,મૈત્રાના માર્ધુયને વ્યંજતી લઘુકવિતાઓ દામ્પત્યજીવનની શ્રી અને સૌરભને ગુંજતી કૃતિઓ ઈશ્વરતરફના ભકિતભાવને અભિવ્યંજતિ પ્રાર્થનાઓ 'સાગર અને શશી'જેવા પ્રકૃતિનાં ઉલ્લાસને ગાતાં કાવ્યો બદલાયેલી ધર્મશ્રધ્ધાના ઉત્કટ સંસ્કારો ઝીલતાં કાવ્યો,રાષ્ટ્રપ્રેમ'હિંદમાતાનેસંબોધન'જેવા કાવ્યો 'પૂર્વાલાપ'નાં એક સંવેદનપટુ મનનપ્રિય,ક્ષુબ્ધ અને શ્રધ્ધાના કવિહૃદયના વૈભવનો સંતર્પક પરિચય કરાવે છે.સ્નેહ માટ સતત ઝંખતો આત્મા એમને "કુસુમ સરખો કાન્ત બનાવે છે.જીવનના વૈષમ્ય અને તજજન્ય કારુણ્યને અનવદ્ય સૌંદર્યની અભિવ્યકિત કરતી ખંડકાવ્ય કૃતિઓમાં 'રમા' દામ્પત્યજીવનની વિષમતાને વર્ણવે છે. જગતની યોજનાઓમાં નિર્દોષને થતી સજા શકય છે. પણ ન્યાય શકય નથી.એ 'કલ્પના અને કસ્તુરીમૃગ' ખંડકાવ્યનું રહસ્ય છે.'અતિજ્ઞાન'માનવની હૃદયવિદારક વ્યથાને વાચા આપે છે.અને 'વસંતવિજય'માં પ્રકૃતિનો વિજય અને માનવનો પરાજય વર્ણવાયો છે. 'આ ઐશ્વર્યે પ્રણય સુખની હાય આશા જ કેવી'ચક્રવાકમિથુનનો પ્રધાન સુર. મિત્રા સ્નહીઓ અને બંને પત્નીઓ પ્રત્યેની લાગણી અનેક સુંદર ઊૈમિકાવ્યોમાંથી વહે છે. ઉપહાર', 'ઉપાલંભ',

'રતિનેપ્રાર્થના', 'રાજહંસનેસંબોધન', 'સ્નેહશંકા'. 'મહેમાનોનેસંબોધન', 'વત્સલનાંનયનો', 'પ્રમાદીનાવિક', 'પ્રણયમાંકાલક્ષેપ', 'કલાપીને સંબોધન', 'વિધુર કુરંગ', 'વિપ્રયોગ', 'મુગ્ધાને સંબોધન', 'રજાની માગણી'. 'પુરાણી પ્રીત', 'આશાગીત', ચંદાને સંબોધન', વગેરે કાવ્યો છે.

**સ્વરૂપ વૈવિધ્ય :-**

કાન્તનુ મુખ્ય પ્રદાન ખંડકાવ્યમાં છે. પરંતુ ખંડકાવ્ય ઉપરાંત ઊર્મિકાવ્ય, ગઝલ, કવ્વાલી, વગેરેમાં પણ કાન્તે ઉત્તમ કામ કર્યું છે. 'ચંદાને સંબોધન'જેવી એક ગઝલ આપે છે. 'ઉપહાર' સાનેટ આપે છે. 'આપણી રાત', 'મનોહર મુર્તિ' જેવી કવ્વાલીઓ આપે છે. 'સાગર અને શશી', 'વિધુર કુરંગ', 'વત્સલનાંનયના', 'ઉપાલંભ', 'કલાપીને સંબોધન', પૂર્વાલાપમાં પ્રધાનપ્રદાન છે. ખંડકાવ્ય તેમના પ્રખ્યાત કલાત્મક ખંડકાવ્યમાં 'વસંત વિજય', 'અતિજ્ઞાન' અને 'દેવયાની'ને પૌરાણિક પીઠિકાનો લાભ પ્રાપ્ત થયેલો છે.

**પ્રકૃતિ નિરૂપણ :-**

કાન્તે કાવ્યોમાં પકૃતિનો ભરપુર વિનિયોગ કર્યો છે.ખાસ કરીને તેમનાં ઊર્મિકાવ્યો પ્રકૃતિ માનવ સ્વભાવના પ્રતીકાત્મક ભાવનિરુપણ સંદર્ભે વર્ણાવાઇ છે. એમાંય કાન્તનાં ખંડકાવ્યોમાં પ્રકિતિનો વૈભવ કલાત્મક રુપ લઈ કાવ્યના અનિવાર્ય અંશ તરકે

પ્રયોજાય છે. ખંડકાવ્યોમાં કાન્તનું કરુણ-વિષમ જીવન ચિંતન વારંવાર પ્રકૃતિનો આધાર લે છે.અને માનવપાત્રા અને માનવેતર પાત્રા ભાવસંવેદનોને અભિવ્યકિત આપવામાં મદદરુપ થાય છે. પ્રકૃતિની વિરાટતા અને પ્રકૃતિની રમ્યતા તેમજ ભવ્યતાનું ભાન કાન્તે જ કરાવ્યું ગુજરાતી કવિતાને પ્રકૃતિની ઘટનાઓ તત્વો કાન્તમાં માનવ ભાવના સહકારી બને છે. આલેખન અને રૂપકો પ્રતિમાઓ વિચારવાહકો બને છે.

**રસનિરૂપણ**

કાન્તના કોઇને કોઇ લગભગ પ્રત્યેક કાવ્યમાં કરુણની એક લકીર પ્રત્યેક કાવ્યમાં ન ઝિલાઇ હોય એવું ભાગ્યે જ હશે પત્નીપ્રેમ, દોસ્ત પ્રેમ, ભજનસંગ્રહનાં કાવ્યોમાં પ્રધાનરસ કરુણ, વિયોગ કે વિરહનો જ જોવા મળે છે. જો કે કેન્દ્રસ્થ રસ ભલે કરુણ હોય પણ આ કરુણમાં જયારે વીર અને અદભૂતનું રસાયણ થાય છે. ત્યારે તેમનાં કાવ્યો ભવ્યતા અને દિવ્યતાની ટોચે પહોચે છે. કાન્તમાં મુખ્યત્વે ‘કરુણ’, ‘વીર’, અને ‘અદભૂતરસ’.સવિશેષ નિષ્પન્ન થાય છે. એમાંયે પ્રધાનપણે તો કરુણનું સ્થાન ભાગવે છે.

કાન્ત ઘર ખંડને અજવાળતો અસ્થિરજયોત ઘીનો દીવા ચાંદ સૂરજ કે પ્રબળ વીજ ઝબકારો નહીં સત્ય,સ્નેહ અને સૌંદર્યની સભામાં કાન્તના કવિમાનસનું મુખ્ય ઘટક છે. તેમની કલાદષ્ટિ નાનપણથી જ વિકસેલી હતી. દાન્તેને વાંચ્યા પછી પોતે રચેલી બસો –ત્રણસો જેટલી પંકિતઓને તેમણે બાળી નાખેલ કાવ્યસર્જનને તેઓ પ્રેરણાજન્ય સ્વયંસ્ફુરણાની પકિયા કરતાં અભ્યાસપૂર્વક ,ઝીણી ઝીણી ભાત ઊપસાવે તેવો કલાકસબ ગણતા હતા. પ્રત્યેક શબ્દ પોતે કલ્પેલા કલાના મહેલો વિશિષ્ટ કાંગરાર બની રહે છે.એટલી ચિવટથી તેઓ કાવ્યમાં ભાષા અને છંદનો વિનિયોગ કરતી પણ તેમાંથી અચિંત, સ્નેહાણ,કોમલ ઋજુસ્વભાવના કવિની આંતર વેદના ટપકતી હતી. **તમારી પાસેતો કુસમુ સરખો કાન્ત ગણજો** એમ તેઓ સ્નેહીજનોને વિનંતિ કરે છે. જગતની યોજનામાં અને તેમાં રહેલી વિષદતા-અન્યાય પ્રત્યે તેમના પ માં સતત મંથન ચાલ્યા કરતું જગતમાં દીન દુઃખી અને નિર્દોષને થતો અન્યાય મૃદુ હૃદયના કવિ રહી શકતા નહોતા ‘મૃગતુષ્ણા’,‘વસંત વિજય’,‘અતિજ્ઞાન’,‘ચક્રવાકમિથુન’,આદિમાં તેમનું આ દર્શન ઉત્તમ કલારુપ ધારણ કરીને પ્રગટેલ સ્નેહની અભીપ્સા સતત ચાલુ રહી તે અતૃપ્તિનો અનુભવ કરાવે છે.કલામયતા વર્ણનરીતિ આકાર સૌંદર્ય અને સુષ્ઠ સંવિધાન રચના દ્વારા કવિ કાન્ત અનન્ય કાવ્ય સિધ્ધિ પ્રાપ્ત કરે છે. કાન્તનો ઊર્મિકવિતાના સર્જનમાં અભિનિવેશ નિરાળો છે. કાન્તે મુખ્યત્વે પ્રણય. મૈત્રા ભકિત, અને અંગત ઊર્મિ વિષયક ઊર્મિકાવ્યો સર્જયા છે. કાન્તે ખંડકાવ્યના ઉત્તમોત્તમ નમુના રજુ કરીને ખંડકાવ્ય સાહિત્ય સ્વરૂપના સર્જન તરીકે ખ્યાતિ પ્રપપ્ત કરી લીધી છે. કાન્ત જેવાં ખંડકાવ્યો ત્યારબાદ કોઈ પણ કવિએ સર્જયા નથી અને એ રીતે ખંડકાવ્યના સ્વરૂપમાં “કાન્ત”નું સ્થાન આજ સુધી શિરમૌર રહેવા પામ્યું છે.

--------